# A Summary

Of The Thesis to be Submitted for

## Ph.D. Degree in Gujarati

At The Maharaja Sayajirao University of Baroda, Vadodara

<u>Research Topic for Ph.D.</u>

**"A Critical Study of Aniruddh Brahmbhatt's Creative and Critical Works"**

**"અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં સર્જન-વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ"**


**પ્રસ્તુતકર્તા**

ભાલિયા સંતોષકુમાર કાન્તીલાલ

Bhaliya Santoshkumar Kantilal

**માર્ગદર્શકશ્રી**

ડૉ. ભરત પંડયા

Dr. Bharat Pandya

Department of Gujarati,

Faculty of Arts

The Maharaja Sayajirao University of Baroda,


July 2024

## A SUMMARY

મારા શોધનિબંધનો વિષય છે : **" અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં સર્જન-વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ"** પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તેવા હેતુસર શોધનિબંધને ૦૭ પ્રકરણમાં વિભાજિત કરેલ છે.

## પ્રકરણ -૧ : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જીવનસંદર્ભ

પ્રસ્તુત પ્રકરણમાં આધુનિકયુગના સર્જક-વિવેચક અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવનસંદર્ભની સાધાર ચર્ચા કરી છે. સર્જકના જન્મ-ઉછેર, શિક્ષણ અને સાહિત્ય ઘડતર, આંતર-બાહ્ય વ્યક્તિત્વ, પ્રકૃતિ અને પુસ્તક પ્રેમ, વ્યવસાય અને સાહિત્યયાત્રા, દાંપત્ય જીવન વગેરેની અહી ચર્ચા કરવામાં આવી છે. વ્યવસાય, દાંપત્ય જીવન, વાંચન રુચિ, સાહિત્ય સાથેનું જોડાણ, જુદી જુદી વ્યક્તિઓનો પ્રભાવ, સર્જક વ્યક્તિત્વ, સર્જક સાથે જોડાયેલી ઘટનાઓ, સાહિત્ય અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ, જેવા પાસાઓની ચર્ચા દ્વારા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવન સંદર્ભને સ્પષ્ટ કરી આપ્યો છે. આ માટે સામયિકો, અન્ય સાહિત્યિક લેખો, સંદર્ભગ્રંથો તેમજ અંગત પરિવારજનોની મુલાકાતનો આધારસામગ્રી તરીકે ઉપયોગ કર્યો છે.

## પ્રકરણ- ૨: અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું ચરિત્ર-સાહિત્ય

'નામરૂપ' રેખાચિત્રોમાં આલેખાયેલા માનવીઓ લેખકના અનુભવવિશ્વ સાથે સંકળાયેલા છે, એની સ્મૃતિ છે અને એ વિલીન થાય એ પહેલા શબ્દરૂપ આપવાની લેખકની મથામણ રહી છે. 'બાબુ વીજળી' થી માંડીને 'ખોવાયેલા ભગવાન' સુધીના તમામ રેખાચિત્રોમાં સમાજમાં જીવતા વિશિષ્ટ વ્યક્તિના જીવન પ્રસંગ કે પ્રસંગ સાથે સંકળાયેલ જે-તે વ્યક્તિની સંવેદના કલાત્મક રીતે નિરૂપણ પામી છે. આ પ્રકરણ અંતર્ગત દરેક રેખાચિત્રોની અલગ- અલગ સમીક્ષા કરવામાં આવી છે, સાથે 'નામરૂપ'માં અભિવ્યક્તિકલા' શીર્ષક હેઠળ લેખકે એક રેખાચિત્રકાર તરીકે દાખવેલી કલાત્મકતા સંદર્ભે સોદાહરણ ચર્ચા કરી છે. આમ, આ પ્રકરણ અંતર્ગત 'નામરૂપ' ગ્રંથની સમગ્રલક્ષી સમીક્ષા દ્વારા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની રેખાચિત્રકાર તરીકેની છબીને પ્રાપ્ત તથ્યોને આધારે ઉઘાડી આપી છે.

## પ્રકરણ- ૩ : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું કાવ્યવિશ્વ

આ પ્રકરણ અંતર્ગત 'કિમપિ' કાવ્ય સંગ્રહમાં સમાવિષ્ટ કાવ્યોને વિષયાનુસાર જુદા જુદા વિભાગમાં વહેંચીને ચર્ચા કરી છે. જેમાં પ્રકૃતિ, રોમેન્ટિક ભાવયુક્ત કવિતા, મૃત્યુ સંવેદન વ્યક્ત કરતી કવિતા, ઈશ્વર વિષયક કવિતા, અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં આધુનિકતા જેવા વિભાગમાં વહેચીને કાવ્યોની સમીક્ષા કરી છે. કાવ્યોમાં નિરૂપાયેલા ભાવસંવેદનો કવિને કલમે કલાકીય રીતે આકારીત થયા છે. કાવ્યમાં કવિની કલાત્મકતાને ધ્યાનમાં રાખીને કાવ્યોની ચર્ચા વિચારણા કરી છે. તેમના આ કાવ્યો સંદર્ભે અન્ય વિચારકોની વિચારણાને આવરી લઈને ચર્ચા કરી છે જેથી કવિ તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની છબીને ઉચિત રીતે ઉજાગર કરી શકાય.

## પ્રકરણ-૪ : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વાર્તાવિશ્વ

પ્રસ્તુત પ્રકરણમાં 'અજાણ્યું સ્ટેશન' સંગ્રહની દરેક વાર્તામાં પ્રગટ થતી સર્જકની સર્જકતાને અનુલક્ષીને સમીક્ષા કરી છે, વાર્તાઓનું વસ્તુ, વસ્તુસંકલના, ભાષા જેવા વિવિધ વાર્તાઘટકતત્વો સંદર્ભે ધ્યાનપાત્ર બનતી સર્જકતાની સમીક્ષા કરીને વાર્તાકાર તરીકેની સિદ્ધિ, વાર્તાઓમાં જોવા મળતી કચાશો સંદર્ભે પણ નોંધ લીધી છે.

## પ્રકરણ – ૫ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વિવેચન-સાહિત્ય

ગુજરાતી સાહિત્યમાં અને એમાંય ખાસ આધુનિકયુગમાં વિવેચન ક્ષેત્રે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું નામ જાણીતું છે. આ પ્રકરણ અંતર્ગત 'અન્વીક્ષા', 'પૂર્વાપર' અને 'સંનિકર્ષ' ગ્રંથોમાં સમાવિષ્ટ લેખોની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ એવા બે વિભાગોમાં વહેંચીને સમીક્ષા કરી છે જ્યારે ભારતીય સાહિત્યમાં ગુણ અને રીતિની વિચારણા અલગ સ્વતંત્ર પુસ્તક હોય તેની સમીક્ષા અલગથી કરી છે. આ ઉપરાંત સામયિકોમાં સમાવિષ્ટ પ્રાપ્ત લેખો કે અન્ય ગ્રંથોમાં સમાવિષ્ટ લેખો કે જે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ગ્રંથોમાં સમાવિષ્ટ થયા નથી તેને પણ આવરી લઈને સમીક્ષા કરી છે જેથી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની સમગ્ર વિવેચન યાત્રાને ઉચિત ન્યાય મળી રહે.

## પ્રકરણ -૬ : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું સંપાદન અને પ્રકીર્ણ સાહિત્ય

આ પ્રકરણ અંતર્ગત સંપાદનના ગ્રંથોની ચર્ચા દ્વારા સંપાદક તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાર્યને મૂલવ્યું છે તો પ્રકીર્ણ સાહિત્ય અંતર્ગત અનુવાદ 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર; એક ભૂમિકા, પરિચય પુસ્તિકા ' એન્ટન ચેખવ', નિબંધિકા 'ચલ મન વાટે ઘાટે' ( ભાગ ૧ થી ૫ ), વાર્તિક 'ઋષિવાણી' જેવા ગ્રંથોની સમીક્ષા કરી છે.

**પ્રકરણ - ૭ : ઉપસંહાર**

આ પ્રકરણમાં ઉપરનાં પ્રકરણોમાં તેમના સાહિત્ય વિશે મે કરેલા સમીક્ષાત્મક અભ્યાસને આધારે ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમણે કરેલાં પ્રદાન વિશેનાં નિરીક્ષણો વિગતે રજૂ કરવામાં આવ્યા છે. એક રીતે આ પ્રકરણ અંતર્ગત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જન્મથી માંડીને સાહિત્ય સર્જન, મૃત્યુ સુધીની ગતિવિધિ એટલે કે તેમનું સર્વાંગી મૂલ્યાંકન રજૂ કર્યું  છે.